INDIA PARTNER Dabur GROUP



# અવિવા **ઈન્કમ સુરક્ષા**

AVIVA
Life Insurance

**અવિવા ઈન્કમ સુરક્ષા – વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે.**

અવિવામાં અમે આપનાં સ્વજનોને આજે અને આવતીકાલે આરામદાયક જીવન પૂરું પાડવાના આપનાં પ્રયાસો અને મહેનતની સરાહના કરીએ છીએ. પ્રસ્તુત છે અવિવા ઈન્કમ સુરક્ષા, લાઈફ ઈન્શ્યૉરન્સ સહ **બચત લક્ષી** યોજના જે નિયમિત માસિક ચૂકવણીઓ સ્વરૂપે વળતરોની ગૅરંટી સાથે આપને આર્થિક રીતે સહાયક બને છે. આ નિયમિત ચૂકવણીઓ તમારું અકાળે મૃત્યુ થવાના કિસ્સામાં તમારા પરિવારને કરવામાં આવે છે.

### અવિવા ઈન્કમ સુરક્ષા – મુખ્ય લાભો

- 10 કે 12 વર્ષ માટે ગૅરંટેડ* માસિક આવક.
- જીવનના તબક્કાઓની જરૂરિયાતો અનુસાર આવકને સરભર કરવાની લવચિકતા.
- વીમિત વ્યક્તિનું મૃત્યુ થવાના કિસ્સામાં પરિવારને ગૅરંટેડ ઈન્કમ.
- લાગુ થતા કર કાયદાઓ અનુસાર કર લાભો.

***ગૅરંટેડ માસિક આવક મૃત્યુની તારીખ અથવા તો મેચ્યોરિટીની તારીખ, જે પણ પહેલા આવે ત્યાં સુધીનાં બધાં જ પાકેલા પ્રીમિયમોની ચૂકવણી થવાને આધીન ચૂકવવામાં આવશે.***

### અવિવા ઈન્કમ સુરક્ષા – પાત્રતા

<table>
<tr><th>પરિમાણ</th><th>માપદંડ</th></tr>
<tr><td>પ્રવેશ સમયે ઉંમર</td><td>18 થી 48 વર્ષ (છેલ્લા જન્મ દિવસે)</td></tr>
<tr><td>મેચ્યોરિટી સમયે ઉંમર</td><td>28 થી 65 વર્ષ (છેલ્લા જન્મ દિવસે)</td></tr>
<tr><td>પ્રીમિયમ ચૂકવણી મુદત</td><td>10 અથવા 12 વર્ષ</td></tr>
<tr><td>ડીફર્મેન્ટ પીરિયડ</td><td>0 અથવા 3 અથવા 5 વર્ષ</td></tr>
<tr><td>પૉલિસી મુદત</td><td>પૉલિસી મુદત પ્રીમિયમ ચૂકવણી મુદત વત્તા ડીફર્મેન્ટ મુદતને સમકક્ષ રહેશે.
<table>
<tr><th>પ્રીમિયમ ચૂકવણી મુદત (વર્ષમાં)</th><th>ડીફર્મેન્ટ પીરિયડ (વર્ષમાં)</th><th>પૉલિસી મુદત (વર્ષમાં)</th></tr>
<tr><th>(1)</th><th>(2)</th><th>(3)= (1) + (2)</th></tr>
<tr><td rowspan="3">10</td><td>0</td><td>10</td></tr>
<tr><td>3</td><td>13</td></tr>
<tr><td>5</td><td>15</td></tr>
<tr><td rowspan="3">12</td><td>0</td><td>12</td></tr>
<tr><td>3</td><td>15</td></tr>
<tr><td>5</td><td>17</td></tr>
</table></td></tr>
<tr><td>પેઆઉટ પીરિયડ</td><td>
<table>
<tr><th>પ્રીમિયમ ચૂકવણી મુદત</th><th>પેઆઉટ પીરિયડ</th></tr>
<tr><td>10 વર્ષ</td><td>10 વર્ષ</td></tr>
<tr><td>12 વર્ષ</td><td>12 વર્ષ</td></tr>
</table></td></tr>
<tr><td>પ્રીમિયમ (ઓછામાં ઓછું)</td><td>પ્રવેશ માટેની ઉંમર 18 થી 40 વર્ષ: ₹36,000 દર વર્ષે અથવા ₹3,000 દર મહિને<br>પ્રવેશ માટેની ઉંમર 41 થી 48 વર્ષ: ₹60,000 દર વર્ષે અથવા ₹5,000 દર મહિને<br>કરવેરા, જો કોઈ હોય તો તે અલગથી ચાર્જ કરાશે.</td></tr>
<tr><td>સમ એશ્યૉર્ડ (વીમા રકમ)</td><td>ઓછામાં ઓછી વીમા રકમ
<table>
<tr><th>પ્રવેશ સમયે ઉંમર 18 - 40 વર્ષ</th><th>પ્રવેશ સમયે ઉંમર 41 - 48 વર્ષ</th></tr>
<tr><td>₹6,84,000</td><td>₹1,140,000</td></tr>
</table>
વધુમાં વધુ વીમા રકમ<br>કોઈ સીમા નથી. વધુમાં વધુ વીમા રકમ બોર્ડ માન્ટ અંડરરાઈટિંગ પૉલિસી મુજબ રહેશે.</td></tr>
<tr><td>પ્રીમિયમ ચૂકવણી વારંવારતા</td><td>માત્ર વાર્ષિક અને માસિક.<br>માસિક પ્રકાર માટે, માત્ર ECS/ડાયરેક્ટ ડેબિટ માન્ય છે.</td></tr>
</table>

### કૃપા કરી નોંધ લેશોઃ

1. લાગુ થતા કરવેરા અને સેશ પ્રવર્તમાન કર કાયદાઓ મુજબ પ્રીમિયમ ઉપરાંત ચાર્જ કરવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.
2. ડીફર્મેન્ટ પીરિયડ એ પ્રીમિયમ ચૂકવણી મુદત અને પૉલિસી મુદત વચ્ચેનો પીરિયડ છે.

### અવિવા ઈન્કમ સુરક્ષા – પ્લાનનાં લાભો

#### મેચ્યોરિટી બેનિફિટ

જો વીમિત વ્યક્તિ પૉલિસી મુદત પૂરી થવા સુધી જીવીત રહે અને બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ પેઆઉટ પીરિયડ દરમિયાન રેગ્યૂલર મંથલી ઈન્કમ સ્વરૂપે ચૂકવવામાં આવશે. પહેલો હપ્તો પાકતી તારીખે ચૂકવવાપાત્ર રહેશે અને બાકીનાં હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક પૉલિસી વર્ષગાંઠ પર પેઆઉટ પીરિયડ પૂરો થતા સુધી ચૂકવવામાં આવશે.

રેગ્યૂલર મંથલી ઈન્કમ = મંથલી પ્રીમિયમ[$] X મેચ્યોરિટી બેનિફિટ મલ્ટીપ્લાયર.

મેચ્યોરિટી બેનિફિટ મલ્ટીપ્લાયર નીચે આપેલા કોષ્ટક અનુસાર પ્રીમિયમ ચૂકવણી વારંવારતા પર આધારિત રહેશે.

<table>
<tr><th rowspan="4">પ્રીમિયમ ચૂકવણી મુદત વર્ષમાં</th><th colspan="6">મેચ્યોરિટી બેનિફિટ મલ્ટીપ્લાયર</th></tr>
<tr><th colspan="3">'માસિક' પ્રીમિયમ ચૂકવણી વારંવારતા માટે</th><th colspan="3">'વાર્ષિક' પ્રીમિયમ વારંવારતા માટે</th></tr>
<tr><th colspan="3">ડીફર્મેન્ટ પીરિયડ (વર્ષમાં)</th><th colspan="3">ડીફર્મેન્ટ પીરિયડ (વર્ષમાં)</th></tr>
<tr><th>0</th><th>3</th><th>5</th><th>0</th><th>3</th><th>5</th></tr>
<tr><td>10</td><td>1.45</td><td>1.70</td><td>1.90</td><td>1.55</td><td>1.80</td><td>2.00</td></tr>
<tr><td>12</td><td>1.70</td><td>1.90</td><td>2.15</td><td>1.80</td><td>2.00</td><td>2.25</td></tr>
</table>

[$]પ્રીમિયમ કરવેરા અને એક્સ્ટ્રા પ્રીમિયમ, જો કોઈ હોય તો તે સિવાયનું રહેશે.

'વાર્ષિક' પ્રીમિયમ વારંવારતા માટે, માસિક પ્રીમિયમ = વાર્ષિકીકૃત પ્રીમિયમ ÷12

મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ ઉપરાંત, રેગ્યૂલર મંથલી ઈન્કમના છેલ્લા હપ્તા સાથે ઉંમર સંબંધિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ ચૂકવવાપાત્ર રહેશે.

જો વીમિત વ્યક્તિ પેઆઉટ પીરિયડ દરમિયાન મૃત્યુ પામે તો નોમિની રેગ્યૂલર મંથલી ઈન્કમના બાકીના રેગ્યૂલર હપ્તાઓ મેળવતા રહેશે અને ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ રેગ્યૂલર મંથલી ઈન્કમના છેલ્લા હપ્તા સાથે ચૂકવવામાં આવશે.

#### 'માસિક' પ્રીમિયમ ચૂકવણી પ્રકાર માટે મેચ્યોરિટી બેનિફિટનું ઉદાહરણ

પુરુષ જેની ઉંમર 35 વર્ષ છે તેઓ અવિવા ઈન્કમ સુરક્ષા પ્લાન ખરીદે છે. તેઓ માસિક ₹5,000 નું પ્રીમિયમ પસંદ કરે છે. તેઓ 3 વર્ષની ડીફર્મેન્ટ મુદત સાથે 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 13 વર્ષ છે (10 વર્ષની પીપીટી વત્તા 3 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ)

જો તે મેચ્યોરિટી સુધી જીવીત રહે અને બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધા હોય તો રેગ્યૂલર મંથલી ઈન્કમ (RMI) નો ₹ 8,500 (=5000*1.7)નો તેનો પહેલો હપ્તો તેઓ મેચ્યોરિટી તારીખે મેળવશે અને બાકીના 119 આરએમઆઈ હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક પૉલિસી વર્ષગાંઠ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. મેચ્યોરિટી બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

### ‘વાર્ષિક’ પ્રીમિયમ ચૂકવણી પ્રકાર માટે મેચ્યોરિટી બેનિફિટનું ઉદાહરણ:

પુરુષ જેની ઉંમર 35 વર્ષ છે તે અવિવા ઈન્કમ સુરક્ષા પ્લાન ખરીદે છે. તેઓ ₹60000નું વાર્ષિક પ્રીમિયમ પસંદ કરે છે, અને 3 વર્ષના ડીફર્મેન્ટ પીરિયડ સહિત 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 13 વર્ષની છે (10 વર્ષ PPT વત્તા 3 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ)

જો તેઓ મેચ્યોરિટી સુધી જીવીત રહે અને પાકેલા બધાં જ પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો રેગ્યૂલર મંથલી ઈન્કમ (RMI) નો ₹9,000 (=5000*1.8)નો તેનો પહેલો હપ્તો તેઓ મેચ્યોરિટી તારીખે મેળવશે અને બાકીના 119 આરએમઆઈ હપ્તાઓ  ત્યારપછીની દરેક માસિક પૉલિસી વર્ષગાંઠ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. મેચ્યોરિટી બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

### ડેથ બેનિફિટ

જો પૉલિસી મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય અને જો મૃત્યુની તારીખ સુધીનાં પાકેલા બધાં જ પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, પેઆઉટ પીરિયડ દરમિયાન રેગ્યૂલર મંથલી ઈન્કમ સ્વરૂપે ડેથ સમ એશ્યૉર્ડ ચૂકવી દેવામાં આવશે. પહેલો હપ્તો મૃત્યુ સમયે ચૂકવવામાં આવશે અને બાકીનાં હપ્તાઓ વીમિત વ્યક્તિની ત્યારપછીની દરેક માસિક મૃત્યુ તિથિ પર ચૂકવવામાં આવશે.

રેગ્યૂલર મંથલી ઈન્કમ = મંથલી પ્રીમિયમ$ X ડેથ બેનિફિટ મલ્ટીપ્લાયર

ડેથ બેનિફિટ મલ્ટીપ્લાયર નીચે આપેલા કોષ્ટક અનુસાર પ્રીમિયમ ચૂકવણી વારંવારતા પર આધારિત રહેશે.

| પ્રીમિયમ ચૂકવણી મુદત વર્ષમાં | મેચ્યોરિટી બેનિફિટ મલ્ટીપ્લાયર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ‘માસિક’ પ્રીમિયમ ચૂકવણી વારંવારતા માટે | | | ‘વાર્ષિક’ પ્રીમિયમ વારંવારતા માટે | | |
| | ડીફર્મેન્ટ પીરિયડ (વર્ષમાં) | | | ડીફર્મેન્ટ પીરિયડ (વર્ષમાં) | | |
| | 0 | 3 | 5 | 0 | 3 | 5 |
| 10 | 1.90 | 2.10 | 2.30 | 2.20 | 2.40 | 2.60 |
| 12 | 2.10 | 2.30 | 2.50 | 2.40 | 2.60 | 2.80 |

$પ્રીમિયમ કરવેરા અને એક્સ્ટ્રા પ્રીમિયમ, જો કોઈ હોય તો તે સિવાયનું રહેશે.

‘વાર્ષિક’ પ્રીમિયમ વારંવારતા માટે, માસિક પ્રીમિયમ = વાર્ષિકીકૃત પ્રીમિયમ ÷12

*ડેથ સમ એશ્યૉર્ડ આમાંથી જે પણ વધુ હોય તે રહેશે:

a) વાર્ષિકીકૃત પ્રીમિયમના 10 ગણાં, અથવા

b) મૃત્યુની તારીખના રોજ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના 105%, અથવા

c) મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ, અથવા

d) મૃત્યુ પર ચૂકવવાની ખાતરી સાથેની ચોખ્ખી રકમ.

“વાર્ષિકીકૃત પ્રીમિયમ” એટલે પૉલિસીધારક દ્વારા વર્ષ દરમિયાન ચૂકવવાનું પસંદ કરેલી રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડલ પ્રીમિયમો માટેનું લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

ચૂકવલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

ડેથ સમ એશ્યૉર્ડ ઉપરાંત ઉંમર સંબંધિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ રેગ્યૂલર મંથલી ઈન્કમના છેલ્લા હપ્તા સાથે ચૂકવવાપાત્ર રહેશે.

### ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ

| જો વીમિત વ્યક્તિની પ્રવેશ સમયની ઉંમર હોય | ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ | |
|---|---|---|
| | જો વાર્ષિકીકૃત પ્રીમિયમ <= ₹50,000 | જો વાર્ષિકીકૃત પ્રીમિયમ > ₹50,000 |
| 18 વર્ષ- 30 વર્ષ- | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 50% | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 70% |
| 31 વર્ષ- 35 વર્ષ- | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 40% | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 65% |
| 36 વર્ષ- 40 વર્ષ- | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 35% | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 50% |
| 41 વર્ષ- 45 વર્ષ- | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 10% | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 20% |
| 46 વર્ષ- 48 વર્ષ- | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 2% | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના* 4% |

“વાર્ષિકીકૃત પ્રીમિયમ” એટલે પૉલિસીધારક દ્વારા વર્ષ દરમિયાન ચૂકવવાનું પસંદ કરેલી રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડલ પ્રીમિયમો માટેનું લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

### ‘મંથલી’ પ્રીમિયમ ચૂકવણી પ્રકાર માટે ડેથ બેનિફિટ ઉદાહરણ.

પુરુષ જેની ઉંમર 35 વર્ષ છે તે અવિવા ઈન્કમ સુરક્ષા પ્લાન ખરીદે છે. તેઓ ₹5,000 નું માસિક પ્રીમિયમ પસંદ કરે છે.

**કેસ 1:** તેઓ 3 વર્ષની ડીફર્મેન્ટ મુદત સહિત 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 13 વર્ષ (10 વર્ષની PPT વત્તા 3 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ) છે. જો તેઓ 6ઠ્ઠા પૉલિસી વર્ષમાં મૃત્યુ પામે અને જો મૃત્યુની તારીખ સુધીમાં બધાં જ પાકેલાં પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, તેમનાં દાવેદાર રેગ્યૂલર મંથલી ઈન્કમનો ₹10,500 (=5000*2.10)નો પહેલો હપ્તો તરત જ (કંપની દ્વારા ક્લેમ સ્વીકાર્યા પછી) મેળવશે અને બાકીના 119 આરએમઆઈ હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક મૃત્યુ તિથિ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. ડેથ બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

**કેસ 2:** તેઓ 5 વર્ષની ડીફર્મેન્ટ મુદત સહિત 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 15 વર્ષ (10 વર્ષની PPT વત્તા 5 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ) છે. જો તેઓ 11મા પૉલિસી વર્ષમાં મૃત્યુ પામે અને જો મૃત્યુની તારીખ સુધીમાં બધાં જ પાકેલાં પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, તેમનાં દાવેદાર રેગ્યૂલર મંથલી ઈન્કમનો ₹11,500 (=5000*2.30)નો પહેલો હપ્તો તરત જ (કંપની દ્વારા ક્લેમ સ્વીકાર્યા પછી) મેળવશે અને બાકીના 119 હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક મૃત્યુ તિથિ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. ડેથ બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

### ‘વાર્ષિક’ પ્રીમિયમ પેમેન્ટ મોડ માટે ડેથ બેનિફિટનું ઉદાહરણ:

પુરુષ, જેની ઉંમર 35 વર્ષ છે તે અવિવા ઈન્કમ સુરક્ષા પ્લાન ખરીદી છે. તેઓ ₹60,000 નું વાર્ષિક પ્રીમિયમ પસંદ કરે છે.

**કેસ 1:** તેઓ 3 વર્ષની ડીફર્મેન્ટ મુદત સહિત 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 13 વર્ષ (10 વર્ષની PPT વત્તા 3 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ) છે. જો તેઓ 6ઠ્ઠા પૉલિસી વર્ષમાં મૃત્યુ

પામે અને જો મૃત્યુની તારીખ સુધીમાં બધાં જ પાકેલાં પ્રીમિયમો ચૂકવી દીધા હોય તો, તેમનાં દાવેદાર રેગ્યૂલર મંથલી ઈન્કમનો ₹12,000 {(60000÷12)*2.40}નો પહેલો હપ્તો તરત જ (કંપની દ્વારા ક્લેમ સ્વીકારવામાં આવે તેને આધીન) મેળવશે અને બાકીના 119 આરએમઆઈ (RMI) હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક મૃત્યુ તિથિ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. ડેથ બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

**કેસ 2:** તેઓ 5 વર્ષની ડીફર્મેન્ટ મુદત સહિત 10 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત પસંદ કરે છે. તેમની પૉલિસી મુદત 15 વર્ષ (10 વર્ષની પીપીટી વત્તા 5 વર્ષનો ડીફર્મેન્ટ પીરિયડ) છે. જો તેઓ 11મા પૉલિસી વર્ષમાં મૃત્યુ પામે અને જો મૃત્યુની તારીખ સુધીમાં બધાં જ પાકેલાં પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, તેમનાં દાવેદાર રેગ્યૂલર મંથલી ઈન્કમનો ₹13,000 {(60000÷12)*2.60}નો પહેલો હપ્તો તરત જ (કંપની દ્વારા ક્લેમ સ્વીકારવામાં આવે તેને આધીન) મેળવશે અને બાકીના 119 આરએમઆઈ (RMI) હપ્તાઓ ત્યારપછીની દરેક માસિક મૃત્યુ તિથિ પર 10 વર્ષની પેઆઉટ મુદત સુધી ચૂકવવામાં આવશે. ડેથ બેનિફિટના છેલ્લા હપ્તા સહિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટની ચૂકવણી કર્યા પછી પૉલિસી રદ થઈ જશે.

### લેપ્સ / રિવાઈવલ / સરન્ડર માટેની જોગવાઈ

**જો ઓછામાં ઓછાં બે વર્ષના પ્રીમિયમો ન ચૂકવ્યા હોયઃ**

- પહેલા 2 પૉલિસી વર્ષ દરમિયાન, જો ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા પાકેલા પ્રીમિયમો ન ચૂકવ્યા હોય તો પૉલિસી લેપ્સ થઈ જશે.
- જો લેપ્સ થયેલી પૉલિસી ન ચૂકવેલા પહેલા પાકેલા પ્રીમિયમની તારીખથી 5 વર્ષની અંદર (રિવાઈવલ પીરિયડ), ન ચૂકવવામાં આવે તો પ્રીમિયમોના 50% (કરવેરા અને એક્સ્ટ્રા પ્રીમિયમ, જો કોઈ હોય તો તે બાદ કર્યા પછી) ચૂકવ્યા પછી પૉલિસી રદ થઈ જશે.
- લેપ્સ થયેલી પૉલિસી હેઠળ, જો રિવાઈવલ પીરિયડ દરમિયાન મૃત્યુ થાય તો, મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના 100% પાછા આપી દેવામાં આવશે અને પૉલિસી રદ થઈ જશે.
- અન્ય કોઈ લાભો ચૂકવવાપાત્ર નહીં રહે.

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત થયેલા કુલ પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

**જો ઓછામાં ઓછા બે વર્ષના પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તોઃ**

શરૂઆતના ઓછામાં ઓછા 2 વર્ષની પ્રીમિયમો ચૂકવી દીધા પછી, જો કોઈ પાકેલું પ્રીમિયમ ગ્રેસ મુદત પૂરી થયા પહેલા ન ચૂકવ્યું હોય તો પૉલિસી પેઈડ અપ બનશે અને નીચેનાં લાભોને પાત્ર રહેશે.

ચૂકવેલા કુલ પ્રીમિયમોની સંખ્યા
પેઈડ–અપ ડેથ સમ એશ્યાર્ડ = ........................................ x ડેથ સમ એશ્યૉર્ડ
ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા

ચૂકવેલા કુલ પ્રીમિયમોની સંખ્યા
પેઈડ–અપ મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ = .......................... x મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ
ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા

ઘટાડેલ પેઈડ–અપ લાભો નીચે જણાવેલ રીતે ચૂકવવાપાત્ર રહેશેઃ

જો વીમિત વ્યક્તિ પૉલિસી મુદત દરમિયાન મૃત્યુ પામે અથવા પેઈડ–અપ પૉલિસી હેઠળ પૉલિસી મુદત સુધી જીવીત રહે તો, અનુપાતમાં ઘટાડેલ રેગ્યૂલર મંથલી ઈન્કમ પેઆઉટ પીરિયડ દરમિયાન ચૂકવવાપાત્ર રહેશે.

- પેઈડ અપ પૉલિસી હેઠળ ડેથ / મેચ્યોરિટી પર ઘટાડેલ રેગ્યૂલર મંથલી ઈન્કમ નીચે મુજબ રહેશેઃ

કુલ ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા
ઑરિજિનલ ડેથ અથવા મેચ્યોરિટી બેનિફિટ મલ્ટીપ્લાયર x........................................ x મંથલી પ્રીમિયમ
$ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા

ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા

= વાર્ષિકીકૃત પ્રીમિયમ ÷ 12

‘‘વાર્ષિકીકૃત પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા વર્ષ દરમિયાન ચૂકવવાનું પસંદ કરેલી રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડલ પ્રીમિયમો માટેનું લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

આ ઉપરાંત, સરેરાશ ઉંમર સંબંધિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ છેલ્લા હપ્તા સાથે ચૂકવવામાં આવશે.

**રિવાઈવલઃ**
પૉલિસીધારક લેપ્સ થયેલી / પેઈડ–અપ પૉલિસી રિવાઈવ કરવા ન ચૂકવેલા પહેલા પાકેલા પ્રીમિયમ (FUP) ની તારીખથી પાંચ વર્ષની મુદત ધરાવશે. પૉલિસીધારકે કંપનીના પ્રવર્તમાન બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસી અનુસાર અને રિવાઈવ કરવાની રહેતી રકમ આધારે કંપનીને સંતોષકારક રીતે વીમિત વ્યક્તિની નિરંતર ઈન્શ્યૉરેબિલિટીનો પુરાવો રજુ કરવાનો રહેશે, અને બધાં જ પાકેલા પ્રીમિયમો સહિત રિવાઈવલ ફી વત્તા ન ચૂકવેલા પાકેલા પ્રીમિયમો પર વિલંબ થયેલી મુદત સુધીના વ્યાજ સહિત ચૂકવવાના રહેશે. રિવાઈવલ ફી ₹250 વત્તા કરવેરા, જો કોઈ હોય તો છે અને લેવા પાત્ર વ્યાજ દર માસિક ચક્રવૃદ્ધિ વત્તા કરવેરા, જો કોઈ હોય તો તેના સહિત વાર્ષિક દરે 9% છે. પેઈડ અપ થયેલી પૉલિસી એકવાર પૉલિસી મુદત પૂરી થયા પછી રિવાઈવ નહીં કરી શકાય.

**સરન્ડર વેલ્યૂ (SV)**
પૉલિસી ગમે ત્યારે સરન્ડર કરી શકાય છે આ માટે ઓછામાં ઓછો બે વર્ષનાં પ્રીમિયમો ચૂકવ્યા હોય એ જરૂરી છે.ચૂકવવાપાત્ર સરન્ડર વેલ્યૂ ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ અને સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે છે.

**ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ**
ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ નીચે આપેલા કોષ્ટક અનુસાર રહેશેઃ

| સરન્ડર કર્યાનું પૉલિસી વર્ષ | કુલ ચૂકવેલા પ્રીમિયમોના ટકા તરીકે ગેરંટેડ સરન્ડર* વેલ્યુ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પ્રીમિયમ ચૂકવણી મુદત = 10 વર્ષ | | | પ્રીમિયમ ચૂકવણી મુદત = 12 વર્ષ | | |
| | ડીફર્મેન્ટ પીરિયડ | | | ડીફર્મેન્ટ પીરિયડ | | |
| | 0 | 3 | 5 | 0 | 3 | 5 |
| 1 | - | - | - | - | - | - |
| 2 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 3 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 4 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 5 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 6 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 7 | 50% | 50% | 50% | 50% | 50% | 50% |
| 8 | 65% | 55% | 55% | 60% | 50% | 50% |
| 9 | 90% | 60% | 60% | 70% | 50% | 50% |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 10 | 90% | 68% | 65% | 80% | 55% | 55% |
| 11 | | 78% | 70% | 90% | 65% | 60% |
| 12 | | 90% | 75% | 95% | 75% | 68% |
| 13 | | 90% | 80% | | 80% | 70% |
| 14 | | | 90% | | 90% | 75% |
| 15 | | | 90% | | 90% | 80% |
| 16 | | | | | | 90% |
| 17 | | | | | | 90% |

ચૂકવલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

**સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ:**
સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ આના બરાબર રહેશેઃ

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર x પેઈડ–અપ વેલ્યૂ

પેઈડ–અપ વેલ્યૂ = પેઈડ–અપ મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ + પ્રપોર્શનેટ (N/T) ઉંમર સંબંધિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ.

જેમાં, N એટલે ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા અને T એટલે પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર કુલ પ્રીમિયમોની સંખ્યા.

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર્સ (SSV) કંપની દ્વારા IRDA ઑફ ઈન્ડિયાની પૂર્વ પરવાનગી સાથે વખતો વખત સમીક્ષા કરવામાં આવી શકે છે.

**અગત્યના નિયમો અને શરતો**

**કર લાભ**
કર લાભો આવકવેરા ધારો, 1961 ની કલમ 80C અને 10(10(D)) અનુસાર રહેશે. પ્રવર્તમાન કર કાયદાઓ મુજબના કર લાભો વખતો વખત ફેરફારને આધીન રહે છે.

**ગ્રેસ પીરિયડ**
''ગ્રેસ પીરિયડ'' એટલે પાકતી તારીખથી કોઈ દંડ અથવા લેટ ફી વિના પ્રીમિયમ ચૂકવવા માટે અમારા તરફથી માન્ય કરાયેલ સમય, જે દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો અનુસાર પૉલિસી કોઈ અંતરાળ વગર રિસ્ક કવર સહિત ઈન–ફોર્સ માનવામાં આવે છે. પ્રીમિયમની ચૂકવણી માટેનો ગ્રેસ પીરિયડ વાર્ષિક પ્રકાર માટે 30 દિવસ અને માસિક પ્રકાર માટે 15 દિવસનો રહેશે.

**નોમિનેશન અને અસાઈનમેંટ:**
નોમિનેશન, ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 39 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

અસાઈનમેંટ, ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 38 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

**લોન**
અવિવા આ પૉલિસી સામે લોન નહીં આપે.

**ફ્રી લૂક પીરિયડ**
તમે પૉલિસી ડૉક્યુમેંટ પ્રાપ્ત થયાની તારીખથી પંદર (15) દિવસ (ઈલેક્ટ્રૉનિક પૉલિસીઓ અને ડિસ્ટન્સ મોડ મારફત મેળવેલી પૉલિસીઓ માટે ત્રીસ (30) દિવસ)ના ફ્રી લૂક પીરિયડની અંદર પૉલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવો છો. જો તમે કોઈ પણ નિયમ અથવા શરતો સાથે અસહમત હો તો તમે તમારા વાંધાનું કારણ જણાવીને પૉલિસી પાછી સોંપી શકો છો.

જો તમે ફ્રી લૂક પીરિયડની અંદર પૉલિસી કૅન્સલ કરવા પાછી આપો તો, અમને મૅડિકલ તપાસ (જો કોઈ કરી હોય તો) માટે થયેલ ખર્ચ અને કવર મેળવેલ મુદત માટેનું સરેરાશ રિસ્ક પ્રીમિયમ તેમ જ સ્ટેમ્પ ડ્યુટી ચાર્જિસ બાદ કર્યા પછીની પ્રાપ્ત કરેલ પ્રીમિયમની રકમ (વ્યાજ વગર) અમે પાછી આપી દઈશું.

**આપઘાત કલેમની જોગવાઈઓ અને અપવર્જનો (જો કોઈ હોય તો)**
અપવર્જનો (જો કોઈ હોય તો): પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા તો મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન–ફોર્સ હોવી જરૂરી છે.

**રાઈડર્સ**
આ પ્લાન સાથે કોઈ રાઈડર્સ ઉપલબ્ધ નથી.

**સ્વીકૃતિ**
અવિવા રિસ્ક સ્વીકારવામાં આવે અને પ્રીમિયમો પૂરેપૂરા પ્રાપ્ત ન થાય એ સિવાય કોઈ કલેમ માટે જવાબદાર નહીં રહે.

**ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 41**
ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 41ની જોગવાઈઓ કે જે વખતો વખત સુધારવામાં આવે તે મુજબ લાગુ રહેશે. વર્તમાન જોગવાઈ અનુસારઃ

(1) કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

**ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 45**
ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 45ની જોગવાઈઓ, વખતો વખત સુધારવામાં આવે તે મુજબ કૉન્ટ્રાક્ટને લાગુ રહેશે.

**અવિવા વિશે**
અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – યુકે (UK) સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહાસ 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે.
1884માં સ્થાપિત, ડાબર ઈન્ડિયા લિમિટેડ, ડાબર સમૂહની પ્રમુખ કંપની જે ભારતની સૌથી જૂની અને સૌથી મોટી કંપનીઓ માંની એક છે. આ પરંપરાગત સ્વાસ્થ્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરતી દેશની અગ્રણી કંપની માંથી એક છે.

**પ્રશ્નો અને ફરિયાદોઃ**

વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરોઃ

1800 180 2244 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા
0124-2709046 અથવા SMS કરો "Aviva" 5676737 પર.
ફૅક્સ નં. 0124-2709007

AVIVA
| Life Insurance |

*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને*
*અવિવા ઈન્ટરનૅશનલ હૉલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*

## અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ

**હેડ ઑફિસઃ** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે,
DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003, હરિયાણા, ભારત
**ફોન નં.:** +91 124-2709000, **ફૅક્સ નં.:** +91 124-2571210
**હેલ્પલાઈન નંબરઃ** 1800-180-22-66/1800-103-77-66
**વેબસાઈટઃ** www.avivaindia.com
**ઈમેઈલઃ** customerservices@avivaindia.com

**રજિસ્ટર્ડ ઑફિસઃ** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ,
7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001, ભારત.

બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહોઃ IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કેઃ • IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે. • IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

અવિવા ઈન્કમ સુરક્ષા - વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. જોખમી પરિબળો, નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે કૃપા કરી વેચાણનો નિર્ણય કરતા પહેલા સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ મુજબ છે જે ફેરફારને આધીન રહે છે. IRDA રજિસ્ટ્રેશન નં.:122. નોંધણીકૃત કાર્યાલયનું સરનામુંઃ 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ, 7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી - 110001, કૉર્પોરેટ આઈડેન્ટિટી નંબર (CIN): U66010DL2000PLC107880, ઈમેઈલ ID : cus tomerservices@avivaindia.com, ફોન નં. 0124 - 2709000, ફૅક્સ નં. 0124 - 2571210, ટોલ ફ્રી નં. 1800-103-7766/1800-103-8000. Website: www.avivaindia.com, UIN: 122N133V01, Advt. No.: Nov 41/19.